# ASHNISHA INDUSTRIES LIMITED

**August 31, 2026**

To,
**BSE Limited**
Phiroze Jeejeebhoy Towers,
Dalal Street, Fort,
Mumbai - 400 001

**Security ID: ASHNI**
**Security Code: 541702**

Dear Sir/Madam,

**Sub: Newspaper Advertisement of 17th Annual General Meeting of the Company**

Pursuant to regulations 30 and regulation 47 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, please find enclosed herewith copy of newspaper advertisements published on Monday, August 31, 2026 regarding 17th Annual General Meeting, to be held on **Wednesday, September 23, 2026 at 3:30 P.M. IST** for the Financial Year 2025-26, including details related to Book Closure and e-voting, published in one English daily newspaper and one daily newspaper in the language of the region, where the registered office of the company is situated.

This is for your information and records.

Thanking You.

**For, Ashnisha Industries Limited**

ASHOK CHINUBHAI SHAH

Digitally signed by ASHOK CHINUBHAI SHAH
DN: c=IN, o=Personal, title=0121, pseudonym=1F48659FE25ACB02733D8109AAE6E139, 2.5.4.20=ae2786014b4c10486123e6caa6e1f3316b18c318d5af8fbe9becbbea8d602325, postalCode=380007, st=Gujarat, serialNumber=F764002C4DD3D67F3DC5C9C86D8F8F0E79A42F9559BE8964213B3BAEE19B4277, cn=ASHOK CHINUBHAI SHAH
Date: 2026.08.31 14:57:25 +05'30'

**Ashok C. Shah**
**Managing Director**
DIN: 02467830

Encl: As above

# SIDBI એ SIDBI-RRB MSME કો-લેન્ડિંગ વ્યવસ્થાના વિસ્તરણ પર પ્રાદેશિક ગ્રામીણ બેંકો (RRBs)ના વડાઓની એક કૉન્ક્લેવનું આયોજન કર્યું

## DFS સચિવે SIDBIની કુશળતા અને RRBs ના વ્યાપક ગ્રામીણ પહોંચનો ઉપયોગ કરીને MSME ધિરાણને વિસ્તારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો

પી.આઈ.બી. અમદાવાદ

સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ બેંક ઓફ ઈન્ડિયા (SIDBI) એ ૨૫ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ નવી દિલ્હીમાં SIDBI-RRB MSME કો-લેન્ડિંગ વ્યવસ્થાના વિસ્તરણ પર પ્રાદેશિક ગ્રામીણ બેંકોના વડાઓની એક કૉન્ક્લેવનું આયોજન કર્યું હતું. નાણાકીય સેવાઓ વિભાગના સચિવ શ્રી સંજય લોહિયાની અધ્યક્ષતામાં યોજાયેલી આ કૉન્ક્લેવમાં SIDBIના CMD શ્રી મનોજ મિત્તલ; DFS, SIDBI અને NABARDના વરિષ્ઠ અધિકારીઓ; અને તમામ ૨૮ પ્રાદેશિક ગ્રામીણ બેંકોના ચેરમેનોએ હાજરી આપી હતી.




**કૉન્ક્લેવમાં ભારતની નેક્સ્ટ-જનરેશન મેન્યુફેક્ચરિંગ ઈકો સિસ્ટમને ટેકો આપવા અને MSMEsમાં નાણાકીય જાગરૂકતા વધારવામાં RRBsની ભૂમિકા પર ભાર મૂકવામાં આવ્યો**

કૉન્ક્લેવ દરમિયાન, DFS સચિવે ગ્રામીણ અને અર્ધ-શહેરી વિસ્તારોમાં MSME ધિરાણને વિસ્તારવાના મહત્વ પર ભાર મૂક્યો હતો. સૂચિત વ્યવસ્થા SIDBIની શક્તિઓ, જે MSMEsની ક્રેડિટ જરૂરિયાતોને સમજે છે અને RRBs, જે દેશના નાના શહેરો અને ગામડાઓમાં ઉત્કૃષ્ટ પહોંચ ધરાવે છે, તેને એકસાથે લાવે છે. RRBs MSME ધિરાણ પર ધ્યાન કેન્દ્રિત કરીને તેમના લોન પોર્ટફોલિયોમાં વૈવિધ્ય લાવવાના તેમના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે પણ સક્ષમ બનશે અને રૂલ એન્જિન-આધારિત અંડરરાઈટિંગથી તેમને સારી સંપત્તિ ગુણવત્તા જાળવવામાં મદદ મળશે તેવી અપેક્ષા છે. કોન્ક્લેવને સંબોધતી વખતે DFSના એડિશનલ સચિવે મોટી સંખ્યામાં MSMEs સુધી પહોંચવા માટેના ધ્યાન કેન્દ્રિત અભિગમ માટે MSME ક્લસ્ટર ડેટાના મહત્વનો નિર્દેશ કર્યો હતો. RRBએ દેશને નેક્સ્ટ-જનરેશન મેન્યુફેક્ચરિંગ હબ બનાવવામાં યોગદાન આપવું જોઈએ અને MSMEમાં નાણાકીય જાગરૂકતા ફેલાવવા માટે રાજ્ય સરકારો દ્વારા યોજાતા રોજગાર મેળાઓમાં પણ સક્રિય ભાગ લેવો જોઈએ. DFSના જોઈન્ટ સચિવે સૂચવ્યું હતું કે RRB આ કો-લેન્ડિંગ વ્યવસ્થા દ્વારા MSME ધિરાણને શાખાઓ માટે એક મહત્વપૂર્ણ લક્ષ્ય બનાવે. SIDBIના CMD એ પણ RRBને આગળ આવવા અને આ વ્યવસ્થાને સફળ બનાવવા વિનંતી કરી હતી. SIDBI દ્વારા વિકસાવવામાં આવેલ કો-લેન્ડિંગ ઓરિજિનેશન પ્લેટફોર્મ એ એન્ડ-ટુ-એન્ડ ડિજિટલ પ્લેટફોર્મ છે જે ઝડપી અને પેપરલેસ ક્રેડિટ જર્ની પૂરી પાડે છે, જેના પરિણામે લોનની ઝડપી મંજૂરી અને વિતરણ થાય છે. એપ્લિકેશન પોર્ટલ દ્વારા તમામ વિગતો પૂરી પાડવામાં આવ્યા પછી લોન અરજદારોને ખૂબ જ ટૂંકા સમયમાં તેમની સૈદ્ધાંતિક મંજૂરીઓ વિશે જાણ કરવામાં આવશે. ડિજિટલ દસ્તાવેજીકરણ અને વિતરણ પ્રક્રિયા એ પણ સુનિશ્ચિત કરે છે કે ગ્રાહકોને પ્રક્રિયાના કોઈપણ તબક્કે શાખાઓની મુલાકાત લીધા વિના સીધા તેમના ખાતામાં લોનનું વિતરણ પ્રાપ્ત થાય. ત્રણ RRB ખાતે પાયલોટ અમલીકરણના પ્રોત્સાહક પરિણામો સાથે, આ કો-લેન્ડિંગ પ્રોગ્રામનું વધુ RRB સુધી સૂચિત વિસ્તરણ ગ્રામીણ અને અર્ધ-શહેરી વિસ્તારોમાં ખાસ કરીને માઈક્રો અને સ્મોલ વિભાગોમાં ધિરાણકર્તાઓની ક્રેડિટ જરૂરિયાતોને નોંધપાત્ર રીતે સંબોધિત કરે તેવી અપેક્ષા છે.

# વડોદરામાં PM મોદીના 'ખેલો ઈન્ડિયા' કાર્યક્રમના જીવંત પ્રસારણમાં નિમુબેન બાંભણિયાની ઉપસ્થિતિ




પી.આઈ.બી. અમદાવાદ

દેશભરમાં આજે રાષ્ટ્રીય રમતગમત દિવસ-૨૦૨૬ની ઉજવણી કરવામાં આવી રહી છે. આ અંતર્ગત 'માય ભારત' અને 'ખેલો ઈન્ડિયા'ના સંયુક્ત ઉપક્રમે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ દેશભરના ખેલાડીઓ અને યુવાશક્તિને સંબોધન કરીને તેમને રમતગમત ક્ષેત્રે આગળ વધવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. દેશભરમાં આશરે ૧,૫૦૦ સ્થળોએ પ્રધાનમંત્રીના પ્રેરણાદાયી સંવાદનું જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું.

વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીના પંડિત દીનદયાળ ઉપાધ્યાય સભાગૃહ ખાતે પણ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સંબોધનનું જીવંત પ્રસારણ નિહાળવા માટે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ભારત સરકારના ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયા, એમ.એસ. યુનિવર્સિટીના કુલપતિ ડૉ. શ્રીનિવાસ ભણગે, સાંસદ ડૉ. હેમાંગ જોશી, પ્રો. સુનિતા શર્મા સહિત મોટી સંખ્યામાં ખેલાડીઓ અને યુવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે બિહારના પેરા-બેડમિન્ટન ખેલાડી રાકેશ કુમારનું સન્માન કરવામાં આવ્યું હતું. રાકેશ કુમારે વડોદરાના યુવા ખેલાડીઓને માર્ગદર્શન આપી રમતગમત ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રદર્શન કરવા માટે પ્રેરણા પૂરી પાડી હતી. ભારત સરકારના ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ રાજ્યમંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયાએ જણાવ્યું હતું કે, છેલ્લા ૧૨ વર્ષ દરમિયાન દેશના યુવાનો માટે રમતગમત, કૌશલ્ય વિકાસ, શિક્ષણ અને રોજગારના ક્ષેત્રોમાં અનેક નવી તકોનું નિર્માણ થયું છે. 'ખેલો ઈન્ડિયા' અભિયાન થકી દેશની યુવાશક્તિને રમતગમત ક્ષેત્રે પોતાની પ્રતિભા વિકસાવવા અને રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સ્તરે આગળ વધવા માટે મજબૂત પ્લેટફોર્મ મળ્યું છે. તેમણે જણાવ્યું હતું કે, દેશની દીકરીઓ પણ રમતગમતના ક્ષેત્રે સતત શાનદાર પ્રદર્શન કરીને નવા ઈતિહાસનું સર્જન કરી રહી છે. ભારતીય મહિલા ક્રિકેટ ટીમે ૨૦૨૫ના મહિલા ક્રિકેટ વર્લ્ડ કપમાં મેળવેલી ઐતિહાસિક જીત દેશની દીકરીઓ માટે મોટી પ્રેરણારૂપ બની છે. સાથે જ, આપણા દિવ્યાંગ ખેલાડીઓ પણ પોતાની અદમ્ય પ્રતિભા, સંઘર્ષ અને મહેનતના બળે દેશનું ગૌરવ વધારી રહ્યા છે.

# પાવાગઢની જેમ બહુચરાજી પણ બનશે ભવ્ય યાત્રાધામ

ગુજરાતના ધાર્મિક અને સાંસ્કૃતિક નકશામાં બહુચર માતાનું ધામ વિશેષ સ્થાન ધરાવે છે. વર્ષભર રાજ્યના વિવિધ વિસ્તારો ઉપરાંત દેશના અનેક ભાગોમાંથી શ્રદ્ધાળુઓ માતાજીના દર્શન માટે અહીં પહોંચે છે. નવરાત્રિ સહિતના મોટા ધાર્મિક પ્રસંગો દરમિયાન યાત્રાળુઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થતો હોવાથી યાત્રાધામમાં સુવિધાઓ, ટ્રાફિક વ્યવસ્થા અને ભક્તોની અવરજવર સરળ બનાવવાનો પ્રશ્ન લાંબા સમયથી મહત્વનો રહ્યો છે. આ પૃષ્ઠભૂમિમાં બહુચર માતાના મંદિર અને આસપાસના વિસ્તારના રીડેવલપમેન્ટ તથા સર્વાંગી વિકાસને નવી દિશા આપવાના પ્રયાસો ચર્ચામાં આવ્યા છે. વિકાસનો મુખ્ય હેતુ માત્ર ભૌતિક માળખાં ઊભાં કરવાનો નહીં, પરંતુ યાત્રાધામની ધાર્મિક અને ઐતિહાસિક ઓળખ જાળવી રાખીને ભક્તો માટે વધુ સુવ્યવસ્થિત અને સુવિધાસભર વાતાવરણ ઊભું કરવાનો હોવાનું માનવામાં આવે છે.

બહુચર માતાનું ધામ ગુજરાતના જાણીતા શક્તિ ઉપાસના કેન્દ્રોમાંનું એક છે. માતાજી પ્રત્યે ગુજરાત ઉપરાંત અન્ય રાજ્યોના શ્રદ્ધાળુઓમાં પણ ઊંડી આસ્થા જોવા મળે છે. ખાસ કરીને મોટા ધાર્મિક તહેવારો અને વિશેષ તિથિઓ દરમિયાન અહીં ભક્તોનો ભારે પ્રવાહ રહે છે. આવી સ્થિતિમાં મંદિર પરિસર અને આસપાસના વિસ્તારોમાં ભીડનું અસરકારક સંચાલન અત્યંત જરૂરી બની જાય છે. રીડેવલપમેન્ટની કોઈપણ યોજના અમલમાં આવે ત્યારે દર્શનાર્થીઓની સરળ અવરજવર, રાહદારીઓ માટે સુવિધા, સ્વચ્છતા, સુરક્ષા અને વાહન વ્યવસ્થાપન જેવા મુદ્દાઓને કેન્દ્રસ્થાને રાખવાની જરૂર રહેશે. ઉપલબ્ધ પૃષ્ઠભૂમિ મુજબ, બહુચરાજી યાત્રાધામના વિકાસને અગાઉથી પણ મહત્વ આપવામાં આવ્યું છે અને વિસ્તારના ધાર્મિક પ્રવાસનને વધુ મજબૂત બનાવવાના પ્રયાસો થયા છે. કોઈપણ પ્રાચીન ધાર્મિક સ્થળના વિકાસમાં સૌથી મોટો પડકાર તેની મૂળ ઓળખ અને પરંપરાને જાળવી રાખવાનો હોય છે. બહુચર માતાના ધામ સાથે લાખો ભક્તોની આસ્થા અને લાંબી સાંસ્કૃતિક પરંપરા જોડાયેલી છે. તેથી રીડેવલપમેન્ટની પ્રક્રિયામાં ધાર્મિક પરંપરા અને મંદિરના મૂળ સ્વરૂપને યોગ્ય સન્માન મળવું જરૂરી છે. બીજી તરફ, આધુનિક સમયમાં યાત્રાધામોમાં વધતા પ્રવાસીઓ અને ભક્તોની સંખ્યાને ધ્યાનમાં રાખીને નવી સુવિધાઓ પણ અનિવાર્ય બની રહી છે. સુવ્યવસ્થિત પ્રવેશ અને બહાર નીકળવાના માર્ગો, રાહ જોવાની વ્યવસ્થા, સ્વચ્છતા સુવિધાઓ અને જરૂરી જાહેર માળખું યાત્રાળુઓના અનુભવને વધુ સરળ બનાવી શકે છે.

# IICT અને Netflix 6 પ્રોગ્રામ્સમાં શિષ્યવૃત્તિઓ દ્વારા ભારતીય વાર્તાકારોની આગામી પેઢીને સહયોગ આપશે

પી.આઈ.બી. અમદાવાદ

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ક્રિએટિવ ટેક્નોલોજીસ (IICT) અને નેટફ્લિક્સે ૧૦૦ વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિની જાહેરાત કરી છે. આ શિષ્યવૃત્તિ છ વ્યાવસાયિક કાર્યક્રમો માટે ૮૦% સુધી ભંડોળ પૂરું પાડશે, આ પ્રોગ્રામ્સમાં બે એક વર્ષના ડિપ્લોમા અભ્યાસક્રમો અને ચાર છ મહિનાના સર્ટિફિકેટ કોર્સનો સમાવેશ થાય છે.

શિષ્યવૃત્તિ પહેલ હેઠળ આવરી લેવામાં આવેલા છ પ્રોગ્રામ્સમાં ઈન્ટરેક્ટિવ કોમિક્સ એન્ડ સિક્વન્શિયલ આર્ટ્સ અને વિઝ્યુઅલ ઈફેક્ટ્સ માસ્ટરીમાં ડિપ્લોમા, વર્ચ્યુઅલ આર્ટ ડિપાર્ટમેન્ટ કન્ટેન્ટ ક્રિએશન, મીડિયા ટેક વર્કફ્લો, આર્ટ ઓફ કેરેક્ટર એનિમેશન અને ઈ-સ્પોર્ટ્સ એન્ડ ગેમિંગ મેનેજમેન્ટમાં સર્ટિફિકેટ્સ સમાવિષ્ટ છે.

આ જાહેરાત ૫ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી અને Netflixના Co CEO શ્રી ટેડ સારાન્ડોસ વચ્ચેની મુલાકાત બાદ કરવામાં આવી છે. શ્રી મોદીએ ટિપ્પણી કરી હતી કે ભારત પાસે વાર્તા કહેવાની સમૃદ્ધ પરંપરા અને રચનાત્મક પ્રતિભાનો અસાધારણ ભંડાર છે, જેનો ઉપયોગ કન્ટેન્ટ ક્રિએશન માટેના વૈશ્વિક હબ તરીકે આપણા દેશના સ્થાનને મજબૂત કરવા માટે કરી શકાય છે. તત્કાલીન સમયે નેટફ્લિક્સ ઈન્ડિયા સ્ટોરીટેલિંગ ઈનિશિયેટિવ શરૂ કરવામાં આવ્યું હતું, જેનો ઉદ્દેશ્ય એનિમેશન, વિઝ્યુઅલ ઈફેક્ટ્સ, ગેમિંગ અને કોમિક્સ (AVGC) નિવસનતંત્ર (ecosystem)માં ઉદ્યોગ-સંગત કૌશલ્યો સાથે આગામી પેઢીના વાર્તાકારોને સજ્જ કરવામાં મદદ કરીને ભારતની રચનાત્મક પ્રતિભાની પાઈપલાઈનમાં રોકાણ કરવાનો છે, જે ભારતની 'ઓરેન્જ ઈકોનોમી'ના મુખ્ય ચાલક તરીકે કામ કરે છે.

આ શિષ્યવૃત્તિઓ સમગ્ર ભારતના વિદ્યાર્થીઓ અને કાર્યરત વ્યાવસાયિકો માટે ઉપલબ્ધ રહેશે.

IICTના વિઝ્યુઅલ ઈફેક્ટ્સ માસ્ટરી અને મીડિયા ટેક વર્કફ્લો પ્રોગ્રામ્સ માટેનો અભ્યાસક્રમ Netflixના ઈનપુટ્સ સાથે સમકાલીન ઉદ્યોગ વર્કફ્લો અને વૈશ્વિક ધોરણો સાથે સંરેખિત કરવા માટે ડિઝાઈન કરવામાં આવ્યો છે.

માહિતી અને પ્રસારણ મંત્રાલયના સચિવ અને IICT બોર્ડના અધ્યક્ષ શ્રી ચંચલ કુમારે જણાવ્યું હતું કે, "ભારતની રચનાત્મક અર્થવ્યવસ્થા એક મહત્વપૂર્ણ મોડ પર છે. જેમ જેમ ટેકનોલોજી વાર્તાઓ બનાવવાની રીતને બદલે છે, તેમ આગામી પેઢીની પ્રતિભાને આકાર આપતી સંસ્થાઓએ તેની સાથે વિકસિત થવું જોઈએ. IICTની કલ્પના ભારતની વિશાળ રચનાત્મક પ્રતિભા ભંડાર અને વૈશ્વિક છફ્ફ્ઝ-ઠઇ ઉદ્યોગની ઝડપથી બદલાતી જરૂરિયાતો વચ્ચેના સેતુ તરીકે કરવામાં આવી હતી. અગ્રણી વૈશ્વિક ખેલાડીઓ સાથેની ભાગીદારી એ સેતુના નિર્માણનો એક મહત્વપૂર્ણ ભાગ છે. આવા સહયોગથી વર્ગખંડમાં ઉદ્યોગનું જ્ઞાન આવશે અને ભારતની પ્રતિભાને આવતીકાલના રચનાત્મક કાર્યબળમાં વિકસાવવામાં મદદ મળશે."

IICTના CEO ડૉ. વિશ્વાસ દેવસકરે જણાવ્યું હતું કે, "IICT જેવી સંસ્થાનો હેતુ માત્ર કૌશલ્યો પ્રદાન કરવાનો નથી, પરંતુ તે કૌશલ્યો ઉદ્યોગ જે રીતે વિકસિત થઈ રહ્યો છે તેને સુસંગત રહે તે સુનિશ્ચિત કરવાનો છે. ઘ્રીકઞ્ઞૈટ સાથેનો આ સહયોગ અભ્યાસક્રમ ડિઝાઈન અને પ્રોફેશનલ વર્કફ્લોથી લઈને વિદ્યાર્થીઓ પાસેથી જે ધોરણોની અપેક્ષા રાખવામાં આવશે તે સુધીના ઉદ્યોગના પરિપ્રેક્ષ્યને સીધા આપણા શૈક્ષણિક માળખામાં લાવે છે. સીધા ઉદ્યોગ ઈનપુટ્સ અને નાણાકીય પહોંચ સાથે સંરચિત શિક્ષણને જોડીને, અમારો ઉદ્દેશ્ય પ્રતિભાની એક મજબૂત પાઈપલાઈન બનાવવાનો છે જે ભારતની વધતી જતી રચનાત્મક અર્થવ્યવસ્થામાં યોગદાન આપવા માટે તૈયાર હોય."

FICCI AVGC-XR ફોરમના અધ્યક્ષ મુંજાલ શ્રોફે જણાવ્યું હતું કે FICCI-IICT-Netflix સહયોગ ભારતના AVGC-XR ક્ષેત્ર માટે ભવિષ્ય માટે તૈયાર કાર્યબળના નિર્માણ અર્થે ઉદ્યોગ-સંરેખિત પ્રતિભા વિકાસ તરફના બદલાવને દર્શાવે છે.

IICT એ એનિમેશન, વિઝ્યુઅલ ઈફેક્ટ્સ, ગેમિંગ, કોમિક્સ અને એક્સ્ટેન્ડેડ રિયાલિટી (AVGC-XR) ક્ષેત્ર માટે ભારતનું રાષ્ટ્રીય ઉત્કૃષ્ટતા કેન્દ્ર છે, જેની સ્થાપના ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા મહારાષ્ટ્ર સરકાર, FICCI અને CIIના સહયોગથી કરવામાં આવી છે. આ સંસ્થા હાલમાં NFDC કોમ્પ્લેક્સ, પેડર રોડ, મુંબઈથી કાર્યરત છે, જ્યારે તેનો કાયમી ૧૦-એકરનું કેમ્પસ ફિલ્મ સિટી, ગોરેગાંવ ખાતે વિકસાવવામાં આવી રહ્યું છે. શિષ્યવૃત્તિ અને પ્રોગ્રામ્સ વિશે વધુ માહિતી માટે, iict.rogની મુલાકાત લો.

**અશ્નિશા ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ**

CIN : L46620GJ2009PLC057629

**રજિસ્ટર્ડ ઓફિસ :** કોર્પોરેટ હાઉસ-2, અનમ-2, ઈસ્કોન આંબલી BRTS રોડ, વકીલ બ્રિજ પાસે, આંબલી, અમદાવાદ-380058,
**ફોન નંબર:** +91 6358028107, **ઈમેઈલ આઈડી :** ashnishalimited@gmail.com, **વેબસાઈટ :** www.ashnisha.in

**૧૭મી વાર્ષિક સામાન્ય સભા, ઈ-વોટિંગ માહિતી અને બુક ક્લોઝર તારીખોની સૂચના**

આથી **સૂચના** આપવામાં આવે છે કે કંપનીના સભ્યોની 17મી વાર્ષિક સામાન્ય સભા (AGM) **બુધવાર, 23 સપ્ટેમ્બર, 2026 ના રોજ બપોરે 3:30 વાગ્યે** ભારતીય સમય અનુસાર વિડીયો કોન્ફરન્સિંગ ("VC") / અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમો ("OAVM") દ્વારા યોજાશે, જેથી AGM ની સૂચનામાં દર્શાવેલ વ્યવસાયો 5 મે, 2020, 3/2025 તારીખ 22 સપ્ટેમ્બર, 2025 ના સામાન્ય પરિપત્ર નં. 20/2020 અને 30 જાન્યુઆરી, 2026 ના માસ્ટર પરિપત્ર નં. HO/49/14/14(7)2025-CFD-POD2/I/3762/2026 અનુસાર, કોર્પોરેટ બાબતોના મંત્રાલય ('MCA પરિપત્રો') અને ભારતીય સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ('SEBI પરિપત્ર') અને સમયાંતરે જારી કરાયેલા અન્ય તમામ સંબંધિત પરિપત્રો દ્વારા કરવામાં આવશે.

કંપનીઝ એક્ટ, ૨૦૧૩ ની કલમ ૯૧ ની જોગવાઈઓ અનુસાર અને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના રેગ્યુલેશન ૪૨ ની જોગવાઈઓ અનુસાર, કંપનીના સભ્યોનું રજિસ્ટર અને શેર ટ્રાન્સફર બુક ગુરુવાર, ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ થી બુધવાર, ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૬ (બંને દિવસો સહિત) સુધી બંધ રહેશે.

MCA પરિપત્રો અને SEBI પરિપત્રના પાલનમાં, નાણાકીય વર્ષ 2025-26 માટે વાર્ષિક અહેવાલ સાથે AGM ની સૂચના ફક્ત તે બધા સભ્યોને ઈલેક્ટ્રોનિક રીતે મોકલવામાં આવી છે જેમના ઈ-મેલ આઈડી કંપની અથવા રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ અથવા તેમના સંબંધિત ડિપોઝિટરી સહભાગીઓ સાથે નોંધાયેલા છે. વધુમાં, સુધારેલા લિસ્ટિંગ નિયમોના નિયમન 36(1)(b) મુજબ, વેબ-લિંક, ચોક્કસ પાથ સહિત, જ્યાં વાર્ષિક અહેવાલની સંપૂર્ણ વિગતો ઉપલબ્ધ છે તે એવા સભ્યોને મોકલવામાં આવી રહી છે જેમણે તેમના ઈમેલ આઈડી નોંધણી કરાવ્યા નથી.

**રિમોટ ઈ-વોટિંગ :**

કંપનીઝ એક્ટ, ૨૦૧૩ ની કલમ ૧૦૮, કંપનીઓ (મેનેજમેન્ટ અને એડમિનિસ્ટ્રેશન) સુધારા નિયમો, ૨૦૧૫ ના નિયમ ૨૦ અને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના નિયમ ૪૪ ની જોગવાઈઓનું પાલન કરીને, કંપની તેના સભ્યોને વાર્ષિક સામાન્ય સભા (AGM) માં ઈલેક્ટ્રોનિક માધ્યમથી મતદાન કરવાનો અધિકાર CDSL દ્વારા પૂરી પાડવામાં આવતી રિમોટ ઈ-વોટિંગ સેવાઓ દ્વારા AGM ની સૂચનામાં દર્શાવેલ તમામ વ્યવસાયો પર પ્રદાન કરી રહી છે. રિમોટ ઈ-વોટિંગ સુવિધા માટેની વિગતવાર સૂચનાઓ AGM ની સૂચનામાં સમાવિષ્ટ છે જે સભ્યોને મોકલવામાં આવી છે.

કંપની અધિનિયમ, 2013 અને નિયમોની જોગવાઈઓ અનુસાર વિગતો અહીં નીચે આપેલ છે :

1. રિમોટ ઈ-વોટિંગ માટે કટ-ઓફ તારીખ બુધવાર, ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ છે.
2. ઈ-વોટિંગનો સમયગાળો: ઈ-વોટિંગ તા. ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ રવિવારના રોજ સવારે ૯:00 વાગ્યાથી શરૂ થશે અને તા. ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ મંગળવારના રોજ સાંજે ૫:00 વાગ્યે સમાપ્ત થશે. કૃપા કરીને નોંધ લો કે ઉપરોક્ત સમય અને તારીખ પછી રિમોટ ઈ-વોટિંગની મંજૂરી આપવામાં આવશે નહીં.
3. જે વ્યક્તિઓએ વાર્ષિક સામાન્ય સભાની સૂચના મોકલ્યા પછી શેર ખરીદ્યા છે અને કંપનીના સભ્ય બન્યા છે અને કટ-ઓફ તારીખ એટલે કે બુધવાર, ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ શેર ધરાવતા હોય, તેઓ વાર્ષિક સામાન્ય સભાની સૂચનામાં આપેલી સૂચનાઓ અને રિમોટ ઈ-વોટિંગ પ્રક્રિયાને અનુસરીને પોતાનો મત આપી શકે છે.
4. જે વ્યક્તિનું નામ કટ-ઓફ તારીખે ફક્ત સભ્યોના રજિસ્ટર અથવા ડિપોઝિટરીઝ દ્વારા જાળવવામાં આવતા લાભાર્થી માલિકોના રજિસ્ટરમાં દેખાય છે, તે AGMમાં રિમોટ ઈ-વોટિંગ તેમજ મતદાનની સુવિધા મેળવવા માટે હકદાર રહેશે. જો કે, જો વ્યક્તિ પહેલાથી જ રિમોટ ઈ-વોટિંગ માટે CDSL સાથે નોંધાયેલ હોય, તો મતદાન કરવા માટે હાલના યુઝર આઈડી અને પાસવર્ડનો ઉપયોગ કરી શકાય છે.
5. VC/OAVM સુવિધા દ્વારા AGM માં હાજરી આપનારા સભ્યો, જેમણે રિમોટ ઈ-વોટિંગ દ્વારા મતદાન કર્યું નથી, તેઓ AGM દરમિયાન ઈ-વોટિંગ દ્વારા મતદાન કરી શકશે.
6. જે સભ્યોએ રિમોટ ઈ-વોટિંગ દ્વારા મતદાન કર્યું છે, તેઓ પણ VC/OAVM સુવિધા દ્વારા વાર્ષિક સામાન્ય સભામાં હાજરી આપી શકે છે પરંતુ તેઓ વાર્ષિક સામાન્ય સભા દરમિયાન ફરીથી મતદાન કરી શકશે નહીં.
7. ઈ-વોટિંગ, VC/OAVM સુવિધા દ્વારા AGMમાં હાજરી આપવા અને શેરધારકો દ્વારા ઈ-મેલ આઈડી નોંધણી માટેની પ્રક્રિયા AGMની સૂચનામાં આપવામાં આવી છે. આ પ્રક્રિયા કંપનીની વેબસાઈટ www.ashnisha.in, સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસીસ લિમિટેડની વેબસાઈટ : www.evotingindia.com અને BSE લિમિટેડની વેબસાઈટ : www.bseindia.com પર ઉપલબ્ધ છે.
8. CDSL ઈ-વોટિંગ સિસ્ટમમાંથી AGM માં હાજરી આપવા અને ઈ-વોટિંગ અંગે કોઈ પ્રશ્ન હોય તો, સભ્યો/લાભાર્થી માલિકો helpdesk.evoting@cdslindia.com પર સંપર્ક કરી શકે છે અથવા ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૨૧ ૦૯૯૧૧ પર સંપર્ક કરી શકે છે.

**અશ્નિશા ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ માટે,**
**બોર્ડના આદેશથી**
**સહી/-,**
**અશોક સી. શાહ,**
**મેનેજિંગ ડિરેક્ટર,**
**DIN: 02467830**

**સ્થળ : અમદાવાદ**
**તારીખ : ૨૯ ઓગસ્ટ, ૨૦૨૬**

**ટ્રુહોમ ફાઈનાન્સ લીમીટેડ**
(વિધિવત શ્રીરામ હાઉસિંગ ફાઈનાન્સ લીમીટેડ તરીકે જાણિતી)

Truhome FINANCE

**માંગણા નોટીસ**

રજીસ્ટર્ડ ઓફિસઃ શ્રીનિવાસ ટાવર, પહેલો માળ, દરવાજા નં.૫, જુનો નં.૧૧, બીજી લેન, સેનાટોફા રોડ, અલવરપેટ, ટેયનામપેટ, ચેન્નાઈ - ૬૦૦૦૧૮
હેડ ઓફિસ : લેવલ-૩, વોકહાર્ડટ ટાવર્સ, ઈસ્ટ વિંગ, સી-૨ બ્લોક, બાન્દ્રા-કુર્લા કોમ્પલેક્ષ, બાન્દ્રા (ઈસ્ટ), મુંબઈ ૪૦૦૦૫૧. વેબસાઈટ : www.truhomefinance.in

આથી સૂચના આપવામાં આવે છે કે નીચેના દેવાદારોએ ટ્રુહોમ ફાઈનાન્સ લિમિટેડ (અગાઉ શ્રીરામ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ) પાસેથી મેળવેલી લોન સુવિધાઓના મુદ્દલ અને વ્યાજની ચુકવણીમાં ડિફોલ્ટ કર્યું છે અને ઉપરોક્ત લોન ખાતાઓને નોન-પર્ફોર્મિંગ એસેટ્સ (એનપીએ) તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા છે. તેમને તેમના છેલ્લા જાણીતા સરનામાં પર સિક્યોરિટાઈઝેશન એન્ડ રિ-કન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (સરફેસી એક્ટ) ની કલમ ૧૩(૨) હેઠળ ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી હતી. ઉપરોક્ત ડિમાન્ડ નોટિસ ઉપરાંત, તેમને આ જાહેર નોટિસ દ્વારા જાણ કરવામાં આવી છે.
કલમ ૧૩(૨) હેઠળ મોકલવામાં આવેલી ઋણધારકો, સિક્યોરિટીઝ, બાકી લેણાં, ડિમાન્ડ નોટિસ અને તેના હેઠળ દાવો કરાયેલ રકમની વિગતો નીચે મુજબ આપવામાં આવી છેઃ-

| દેવાદારનું / સહ દેવાદારો નું નામ અને સરનામું | આરક્ષિત મિલકતોનું સરનામું | માંગણા નોટિસ તારીખ અને બાકી નિકળતી રકમ રૂ. |
|---|---|---|
| ૧) શ્રી. લોટીયા જુજારભાઈ અબ્બાસભાઈ<br>૨) લોટીયા ઝૈનબ જુજરભાઈ<br>૩) શ્રી. લોટિયા અબ્બાસઅલી ફિદાલી<br>વર્તમાન અને કાયમી, વ્યવસાયનું સરનામુંઃ- સરવૈયા સ્ટ્રીટ, કસાલા બાપુ નાકા, ગુંદાલા પેટ્રોલ પંપ. ગોંડલ - ૩૬૦૩૧૧.<br>મિલકતનું સરનામુંઃ - હાતિમી મંજિલ, સીએસ નં. ૨૭૩૨ વોર્ડ નં. ૨ શેરી નં. શીટ નં. ૧૪૦ ભટ્ટ ગોપાલજી શેરી, ખોડિયાર મંદિર પાસે, નગર સ્ટ્રીટ, જેલ ચોક મેઈન રોડની બાજુમાં, ગોંડલ - ૩૬૦૩૧૧. | રહેણાંક મકાન માટેની જમીન (પશ્ચિમ બાજુ), ૭૫.૧૩ ચો.મી., ભટ્ટ ગોપાલજી સ્ટ્રીટ, ખોડિયાર ફળી, ગોંડલ; સીએસડબલ્યુ-૨, શીટ ૧૪૦, સીએસ ૨૭૩૨પી, જિલ્લો રાજકોટ. સદરહુ મિલકતની હદઃ ઉત્તર - લાગુ સીએસએન ૨૭૩૩, દક્ષિણ - રસ્તો, પૂર્વ - લાગુ સીએસએન ૨૭૩૨પી, પશ્ચિમ - લાગુ સીએસએન ૨૭૩૪. | માંગણા નોટિસની તારીખ - ૧૪/૦૮/૨૦૨૬, લોન ખાતા નંબર **SHLHRAJK0001675** ના સંદર્ભમાં તારીખ ૧૧/૦૮/૨૦૨૬ ના રોજ રૂ. ૪૧,૧૦,૮૫૦.૮૬/- (અંકે રૂપિયા એકતાલીસ લાખ દસ હજાર આઠસો પચાસ અને છ્યાંસી પૈસા માત્ર) અને લોન ખાતા નંબર **SULHRAJK0001677** ના સંદર્ભમાં તારીખ ૧૧/૦૮/૨૦૨૬ ના રોજ રૂ. ૨,૦૬,૯૯૬.૦૦/- (અંકે રૂપિયા બે લાખ છ હજાર નવસો છન્નું માત્ર). |
| ૧) શ્રી. સાવલીયા પ્રણવ પંકજભાઈ<br>૨) શ્રી. સાવલીયા પંકજભાઈ એમ.<br>૩) શ્રી. સાવલીયા પરેશ એમ.<br>૪) સાવલીયા ભાનુબેન પી.<br>વર્તમાન અને કાયમી સરનામુંઃ- ૭બી/૨ - ઓમ શ્રી શક્તિ કૃપા, ૩ શાંતિનગર સોસાયટી, જનતા ફાટક, જેકુરબેન શાળા પાસે, પવનચક્કી, જામનગર - ૩૬૧૦૦૫.<br>વ્યવસાયનું સરનામુંઃ- ડીઆરયુ મેટલ્સ, આરએસએન ૨૪પી૧, શિવમ પાર્ક-૧, પ્લોટ નં. ૨૨ ૧ જીઆઈડીસી ઉદ્યોગ નગર, દરેડ, જામનગર - ૩૬૧૦૦૪,<br>મિલકતનું સરનામુંઃ- ૭/બી/૧ — અનપુર્ણા નિવાસ, શાંતિનગર કો-ઓપ હાઉસિંગ સોસાયટી. શેરી નં. ૩, ઈન્દિરા ગઢ રોડ બહાર, જનતા ફાટક ચોકડી પાસે, જામનગર - ૩૬૧૦૦૬ | પ્લોટ નં. ૭/બી/૧ પર આવેલી બાંધકામવાળી રહેણાંક મિલકત, પ્લોટ વિસ્તાર ૧૫૨.૬૩.૬૪ ચો.મી.; આરએસએન ૨૮/૨ ધરાવતી જમીન કે જેને ડેપ્યુટી કલેક્ટર, જામનગરના આદેશથી બિન-ખેતીલાયક રહેણાંક પ્લોટમાં રૂપાંતરિત કરવામાં આવી હતી, સીએસએન ૩૫૩, વોર્ડ નં. ૧૫/બી; સ્થળઃ શ્રી શાંતિનગર કો-ઓપ. હાઉસિંગ સોસાયટી, પિન કોડ ૩૬૧૦૦૬. મિલકતની હદઃ ઉત્તર - પ્લોટ નં. ૬/બી આવેલો છે, દક્ષિણ - પ્લોટ નં. ૭/બી/૨ આવેલો છે, પૂર્વ - રસ્તો આવેલો છે, પશ્ચિમ - પ્લોટ નં. ૭/એ આવેલો છે. | માંગણા નોટિસની તારીખ - ૧૪/૦૮/૨૦૨૬<br>લોન ખાતા નંબર **SLPHJMNG0000425** ના સંદર્ભમાં તારીખ ૧૧/૦૮/૨૦૨૬ ના રોજ રૂ. ૭૩,૮૮,૩૨૨.૭૮/- (અંકે રૂપિયા તોંતેર લાખ ઈઠ્યાસી હજાર ત્રણસો બાવીસ અને ઈઠયોતેર પૈસા માત્ર). |
| ૧) શ્રી. સોલંકી રાજેન્દ્ર મહેન્દ્રભાઈ<br>૨) સોલંકી ગીતાબેન રાજેન્દ્રભાઈ<br>૩) સોલંકી કનૈયાલાલ જે.<br>હાલનું અને કાયમી સરનામુંઃ- મોચી બજાર, ખારવાની પોળ, મુ.-વઢવાણ, જિ. સુરેન્દ્રનગર- ૩૬૩૦૩૦.<br>વ્યવસાય અને મિલકત સરનામુંઃ - વિહોટ હેન્ડલૂમ હાઉસ, ચરમાલિયા દાદા મંદિર પાસે, શિવ પાર્ક, ખોડિયાર નગર સામે, લીંબડી રોડ, મુ. વઢવાણ, જિલ્લો- સુરેન્દ્રનગર-૩૬૩૦૦૧ | (સમગ્ર સ્થાવર મિલકતોનું વર્ણન-૧) પ્લોટ નં. ૧૯, જમીનનું ક્ષેત્રફળ ૧૩૬.૦૦ ચો.મી.વાળી મિલકત, જે વઢવાણ રેવન્યુ સર્વે નં. ૫૭૬ પૈકી હેઠળ આવે છે અને ચરમાળિયાદાદા મંદિરની પાછળ, વઢવાણ-લિંબડી રોડ પાસે, વઢવાણ, તા. વઢવાણ, જિ. સુરેન્દ્રનગર ખાતે સુરેન્દ્રનગર-દૂધરેજ-વઢવાણ નગરપાલિકાની હદમાં આવેલી છે તથા ગીતાબેન રાજેન્દ્રભાઈ સોલંકીની માલિકીની છે. મિલકતની હદઃ ઉત્તરઃ ૧૬.૦૦ મીટર (આ બાજુ ૯.૦૦ મીટર પહોળો રસ્તો), દક્ષિણઃ ૧૬.૦૦ મીટર (આ બાજુ પ્લોટ નં. ૨૦), પૂર્વઃ ૯.૦૦ મીટર (આ બાજુ ૬.૦૦ મીટર પહોળો રસ્તો), પશ્ચિમઃ ૯.૦૦ મીટર (આ બાજુ પ્લોટ નં. ૨૬). (સમગ્ર સ્થાવર મિલકતોનું વર્ણન-૨) મકાન અને ૨૨.૧૦ ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી જમીનની મિલકત, જે વઢવાણ શહેરના ખરવાણી પોળ, મોચી બજાર વિસ્તારમાં (સિટી સર્વે વોર્ડ નં. ૧, સિટી સર્વે નં. ૪૦૯૬ પૈકી) આવેલી છે અને સુરેન્દ્રનગર-દૂધરેજ-વઢવાણ નગરપાલિકાની હદમાં તથા કનૈયાલાલ જગજીવનદાસ સોલંકીની માલિકીની છે. મિલકતની હદઃ ઉત્તરઃ આ તરફ રસ્તો; દક્ષિણઃ આ તરફ સી.એસ.નં. ૪૦૯૮; પૂર્વઃ આ તરફ સી.એસ.નં. ૪૦૯૭; પશ્ચિમઃ આ તરફ સી.એસ.નં. ૪૦૯૬ પૈકીની પશ્ચિમ બાજુની જમીન (સમગ્ર સ્થાવર મિલકતોનું વર્ણન-૩): સુરેન્દ્રનગર-દૂધરેજ-વઢવાણ નગરપાલિકાની હદમાં આવેલ વઢવાણ શહેરના વોર્ડ નં. ૧ ના સિટી સર્વે નં. ૪૦૯૬ પૈકીની પશ્ચિમ બાજુની જમીન પર આવેલ, ખરવાણી પોળ, મોચી બજાર વિસ્તારમાં સ્થિત, ૨૨.૧૦ ચો.મી. ક્ષેત્રફળ ધરાવતું મકાન અને જમીન; જે મિલકત રાજેન્દ્ર મહેન્દ્રભાઈ સોલંકીની માલિકીની છે. મિલકતની હદઃ ઉત્તરઃ આ તરફ રસ્તો; દક્ષિણઃ આ તરફ સી.એસ.નં. ૪૦૯૮; પૂર્વઃ આ તરફ સી.એસ.નં. ૪૦૯૬ પૈકીની પૂર્વ બાજુની જમીન; પશ્ચિમઃ આ તરફ સી.એસ.નં. ૪૦૯૫. | માંગણા નોટિસની તારીખ - ૧૪/૦૮/૨૦૨૬<br>લોન ખાતા નંબર **SLPHSDNR0000225** ના સંદર્ભમાં તારીખ ૧૧/૦૮/૨૦૨૬ ના રોજ રૂ. ૫૦,૨૫,૫૨૨.૭૬/- (અંકે રૂપિયા પચાસ લાખ પચીસ હજાર પાંચસો બાવીસ અને છોંતેર પૈસા માત્ર). |
| ૧) સુપિરિયર ટેક્નોફોર્જ<br>૨) શ્રી. રાઠોડ અમિતકુમાર વી.<br>૩) રાઠોડ તૃપ્તિ અમિતકુમાર<br>વર્તમાન અને કાયમી, વ્યવસાય અને મિલકતનું સરનામુંઃ- સુપિરિયર ટેક્નોફોર્જ, એનએ રેવન્યુ સર્વે નંબર ૧૩૬ પી૧ સોહમ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક, તાલુકા ગોંડલ ગુંડાસરા, રાજકોટ-૩૬૦૩૧૧.<br>હાલનું સરનામુંઃ- શ્રી. રાઠોડ અમિતકુમાર વી., બ્લોક નં.૪, ખોડિયાર નગર, ગાયત્રી નગર શેરી નં. ૧, વેરાવળ શાપર, સરદાર ચોક પાસે, વિશ્વનાથ મહાદેવ સામે, વેરાવળ શાપર, કોટડા સાંગાણીઃ - ૩૬૦૦૨૪.<br>કાયમી સરનામુંઃ- ખોડલ રેસીડેન્સી, બીએલકે ૧૨૫, પીપળીયા પાલ, રાજકોટ-૩૬૦૩૧૧<br>મિલકતનું સરનામુંઃ- પ્લોટ નંબર ૧, સોહમ ઈન્ડસ્ટ્રીયલ વિસ્તાર ગુંદાસર સર્વે નં. ૧૩૬પી૧ રાજેશ મશીન ટૂલ્સ પ્રાઈવેટ લિમિટેડ પાસે, ગુંદાસર ગામ રોડ બહાર, એસપી નં. ૧, ગોંડલ-૩૬૦૩૧૧.<br>હાલનું સરનામુંઃ- રાઠોડ તૃપ્તિ અમિતકુમાર, બ્લોક નં.૪, ખોડિયાર નગર, ગાયત્રી નગર શેરી નં. ૧, વેરાવળ શાપર, સરદાર ચોક પાસે, વિશ્વનાથ મહાદેવ સામે, વેરાવળ શાપર, કોટડા સાંગાણી - ૩૬૦૦૨૪<br>કાયમી સરનામુંઃ- બ્લોક નં. ૩૫ ક્યુયુટી. નંબર ૪૧૧- દિનદયાલ નગર, કોઠારિયા, ગોંડલ રોડ, રાજકોટ- ૩૬૦૦૦૨ | તમામ ભાગ અને હિસ્સા સહિત સંપૂર્ણ મિલકતનું વર્ણન કે જે ગુન્ડાસરા આરએસએન ૧૩૬પી૧, તાલુકો ગોંડલ, જિલ્લો રાજકોટ ખાતે આવેલ પ્લોટ નં. ૧, જમીન વિસ્તાર ૩૮૨.૭૬ ચો.મી. ઉપરના ઔદ્યોગિક શેડ સહિતની.<br>મિલકતની હદઃ સરહદોઃ ઉત્તર - વેરાવળ ગામની હદ, દક્ષિણ - રસ્તો, પૂર્વ - પ્લોટ નં. ૨, પશ્ચિમ - કોમન કોમન પ્લોટ. | માંગણા નોટિસની તારીખ - ૧૪/૦૮/૨૦૨૬<br>લોન ખાતા નંબર **SLPHRAJT0000192** ના સંદર્ભમાં ૧૧/૦૮/૨૦૨૬ ના રોજ રૂ. ૪૪,૮૮,૫૮૬.૦૪/- (અંકે રૂપિયા ચુમ્માલિસ લાખ ઈઠ્યાસી હજાર પાંચસો છ્યાંસી અને ચાર પૈસા માત્ર) અને લોન ખાતા નંબર **TLPHRAJT0000613** ના સંદર્ભમાં ૧૧/૦૮/૨૦૨૬ ના રોજ રૂ. ૩,૯૦,૦૩૪.૮૮/- (અંકે રૂપિયા ત્રણ લાખ નેવું હજાર ચોત્રીસ અને ઈઠ્યાસી પૈસા માત્ર). |
| ૧) શ્રી ત્રિપાઠી દીપક રાજેન્દ્રભાઈ<br>૨) ત્રિપાઠી નીતુદેવી આર.<br>વર્તમાન અને કાયમી સરનામુંઃ- ઘર નં. ૫૬૦ ૧ એ-રવિપાર્ક ટાઉનશીપ, ઢીંચડા રોડ, નીલકંઠ પાર્ક સામે, ખોડિયાર કોલોની, માલધારી રેસ્ટોરન્ટ, પટેલ કોલોની જામનગર૩૬૧૦૦૬,<br>વ્યવસાયનું સરનામુંઃ- ત્રિપાઠી સેફટી એન્ડ ઈન્ટેલિજન્સ પ્રા. લિ.સ પહેલો માળ, ઓફિસ નં. ૧૩૨,૧૩૩-ન્યુ સ્કવેર, પીએન માર્ગ, અંબર સિનેમા રોડ, ઈન્કમટેક્સ ઓફિસ પાસે, મેડિકલ કેમ્પસ, જામનગર.<br>મિલકતનું સરનામુંઃ- બિંદિયા સ્કવેર, પ્રથમ માળ દુકાન નં. એફ-૧૦૯, જીઆઈડીસી ફેઝ-૩, મુ.-દરેડ, જામનગર-૩૬૧૦૦૪. | જામનગર ફેઝ-૩ ઔદ્યોગિક વસાહત, જામનગર પિન કોડ ૩૬૧૦૦૪ ખાતે આવેલ આરએસએન ૧૨૯૯ વાળી જમીન પરના પ્લોટ નં. ૩૦૧૫/૪- કોમર્શિયલ ઉપર નિર્મિત 'બિંદિયા સ્કવેર' માં પ્રથમ માળ પર આવેલ દુકાન નં. એફ/૧૦૯, કાર્પેટ વિસ્તાર ૨૮.૬૪ ચો.મી. અને બિલ્ટ-અપ વિસ્તાર ૩૦.૬૧ ચો.મી.વાળી નિર્મિત વ્યાવસાયિક મિલકત. મિલકતની હદઃ ઉત્તર - દુકાન નં. ૧૦૭ અને ૧૧૧, દક્ષિણ - દુકાનનો પ્રવેશદ્વાર અને બાલ્કની, પૂર્વ - દુકાન નં. ૧૧૦, પશ્ચિમ - દુકાન નં. ૧૦૮. | માંગણા નોટિસની તારીખ - ૧૪/૦૮/૨૦૨૬<br>લોન ખાતા નંબર **SLPHJMNG0000430** ના સંદર્ભમાં ૧૧/૦૮/૨૦૨૬ ના રોજ રૂ. ૧૫,૧૨,૧૦૦.૯૦/- (અંકે રૂપિયા પંદર લાખ બાર હજાર એકસો અને નેવું પૈસા માત્ર). |
| ૧) શ્રી વાઘેલા રામજીભાઈ પ્રાગજીભાઈ<br>૨) વાઘેલા કાલીબેન આર.<br>વર્તમાન અને કાયમી સરનામુંઃ- પ્લોટ નં. ઝ/૨૪, સુમેરુ ટાઉનશીપ, ૧૫૦ રીંગ રોડ, ભાવનગર - ૩૬૪૦૦૧, વ્યવસાયનું સરનામુંઃ- ધાવડી કૃપા ગારમેન્ટ, ખાબશી, તરશિયા રોડ, સામે. મકવાણા પુસ્તક સ્ટોર, ભાવનગર-૩૬૪૦૦૨.<br>મિલકતનું સરનામુંઃ- યોગી નગર, પ્લોટ નં. ૬૫, નં. સોમનાથ રેસીડેન્સી, રીંગ રોડ, નં. લીયા ઉડાણ, રૂવા, ભાવનગર-૩૬૪૦૦૨. | સ્થાવર મિલકતના તમામ ટુકડાઓ અને ભાગો, જેમાં ભાવનગર તાલુકા અને જિલ્લાના રૂવા ગામના આરએસએન ૧૪૮ પી હેઠળના 'યોગીનગર' વિસ્તારમાં આવેલ પ્લોટ નં. ૬૫ ની ૭૧.૮૭ ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી ખુલ્લી જમીનનો સમાવેશ થાય છે. મિલકતની હદઃ ઉત્તર - રસ્તો, દક્ષિણ - આરએસએન ૬૦/૧, પૂર્વ - પ્લોટ નં. ૬૪, પશ્ચિમ - પ્લોટ નં. ૬૫ | માંગણા નોટિસની તારીખ - ૧૪/૦૮/૨૦૨૬<br>લોન ખાતા નંબર **SHLHBHVN0000175** ના સંદર્ભમાં ૧૧/૦૮/૨૦૨૬ ના રોજ રૂ. ૨૭,૫૮,૫૭૪.૦૦/- (અંકે રૂપિયા સત્યાવીસ લાખ અઠ્ઠાવન હજાર પાંચસો ચુંમોતેર પૂરા). |
| ૧) શ્રી વિંઝુડા દિનેશ એચ.<br>૨) વિંઝુડા મનીષાબેન.<br>વર્તમાન અને કાયમી સરનામુંઃ- વેલનાથ સોસાયટી, શેરી નં.૨, ભવ્ય પાન સ્ટોલ. મુ.પારડી, લોધીકા, રાજકોટ- ૩૬૦૦૨૪,<br>વ્યવસાયનું સરનામુંઃ- દેવમ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ, ઓફિસ નં. ૩૧મો માળ, પંચનાથ કોમ્પ્લેક્ષ, વેરાવળ પડવાળા રોડ, પ્રગતિ મોલ પાસે, શાપર વેરાવળ, લોધિકા, રાજકોટ-૩૬૦૦૨૪.<br>મિલકતનું સરનામુંઃ- ફ્લેટ નં. સી/૬૦૪-સરદાર હાઈટ્સ ૬ઠ્ઠો માળ, વિંગ સી, કિશન પેટ્રોલ પંપ સામે, ગોંડલ હાઈવે, કાંગશીયાળી, રાજકોટ- ૩૬૦૦૨૨.<br>વિંઝુડા મનીષાબેન. વ્યવસાયનું સરનામુંઃ- પેન્ટાગોન ફોર્જ એન્ડ મશીન લિમિટેડ, રામદેવ હોટેલ સામે, ટોલ નાકા પાસે, ભુણાવા ગોંડલ-૩૬૦૩૧૧ | રાજકોટ જિલ્લાના લોધિકા તાલુકાના કાંગસિયાળી ગામના આરએસએન ૩૩પી૧, જમીન ક્ષેત્રફળ ૪૦૯૨.૩૩ ઉપરના પ્લોટ નં. ૪ પર નિર્મિત 'સરદાર હાઈટ્સ - વિંગ સી' ના છઠ્ઠા માળે આવેલ રહેણાંક ફ્લેટ નં. ૬૦૪, બિલ્ટ-અપ વિસ્તાર ૫૧.૧૨ ચો.મી. મિલકતની હદઃ ઉત્તર - દાદર, સામાન્ય પેસેજ અને ફ્લેટ નં. ૬૦૧; દક્ષિણ - માર્જિનની જગ્યા અને ત્યારબાદ અન્યની મિલકત; પૂર્વ - ફ્લેટ નં. ૬૦૩; પશ્ચિમ - માર્જિનની ખુલ્લી જગ્યા અને ત્યારબાદ વિંગ-ડી. | માંગણા નોટિસની તારીખ - ૧૪/૦૮/૨૦૨૬<br>લોન ખાતા નંબર **SHLHRAJT0000177** ના સંદર્ભમાં ૧૧/૦૮/૨૦૨૬ ના રોજ રૂ. ૧૨,૩૯,૭૭૧.૦૦/- (અંકે રૂપિયા બાર લાખ ઓગણચાલીસ હજાર સાતસો ઈકોતેર પૂરા). |

આ નોટિસ મલ્યાના ૬૦ દિવસની અંદર ઉપરોક્ત દેવાદારો/સહદેવાદારોને ઉપર જણાવેલી કુલ બાકી લેણાં રકમ, પુરી રકમ વસુલ થાય ત્યાં સુધીના વ્યાજ અને દંડની રકમ સહિત ચુકતે કરવા જણાવવામાં આવે છે. જો રકમ ચુકવવામાં નિષ્ફળ જશો તો અહીં નીચે સહી કનાર સરફેસી કાયદા હેઠળ લાગુ પડતી ગીરો મિલકતો સામે પગલાં લઈ શકે છે. ખાસ ધ્યાન આપો કે ઉપરોક્ત કાયદાના નિયમ ૧૩(૧૩) હેઠળ આરક્ષીત લેણદારોને લેખિતમાં અગાઉ જાણ કર્યા વગર દેવાદારો તેમની નોટિસમાં જણાવેલી ગીરો મિલકતને વેચાણ કે ભાડે કે લિઝ ઉપર આપી શકશે નહિ.

સ્થળઃ રાજકોટ, ભાવનગર, જામનગર, સુરેન્દ્રનગર, અમરેલી
તારીખ : ૩૧-૦૮-૨૦૨૬

સહી/- અધિકૃત અધિકારી ટ્રુહોમ ફાઈનાન્સ લિમિટેડ
(શ્રીરામ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ તરીકે અગાઉ જાણિતી)

Printed and Published by MAYUR C. BHATT on behalf of KALYANI PUBLIATION PVT. LTD. and Printed at : Dharti Printers C-3, Shankar Chember, Nr. Fadia Chamber, Asharam Road, Ahmedabad-Published From KALYANI PUBLIATION PVT. LTD. 201,202,208 Nandan complex, opp mithakhali rly crossing, mithakhali, ahmedabad.
Editior : Mayur C. Bhatt

# Why the Ganga treaty renewal with Bangladesh must be tied to Teesta



In December 2026, the India-Bangladesh Ganges Water Treaty completes its 30-year term. Signed in 1996 by H.D. Deve Gowda and Sheikh Hasina, it was the first framework to convert a decades-old dispute over dry-season flows at Farakka into a rules-based arrangement, allocating water through a 10-day formula benchmarked against average flows recorded between 1949 and 1988. Negotiations for its renewal are already under way, with joint technical committees meeting in Kolkata and both governments conducting fresh gauge measurements on the Ganga and Padma. But the Ganga treaty cannot be sensibly renewed as a standalone instrument. It should be negotiated alongside the still-unresolved question of the Teesta.

This is because hydrologically, politically and strategically, the two rivers are no longer separable problems.

The case for treating Ganga and Teesta as isolated files was always thin, and three decades of experience have worn it thinner. Both are snow- and glacier-fed Himalayan systems whose lean-season flows have become the primary site of India-Bangladesh friction, both pass through West Bengal before crossing into Bangladesh, making the state government an unavoidable domestic veto player in any settlement, and both feed into a food-and-livelihood system in northern and western Bangladesh that has grown far more water-stressed than the drafters of 1996 anticipated.

